# 1 સમાજલક્ષી મનોવિજ્ઞાનનો પરિચય

"સમાજલક્ષી મનોવિજ્ઞાન એ એવું વૈજ્ઞાનિક ક્ષેત્ર છે કે જે સામાજિક પરિસ્થિતિઓમાં વ્યક્તિનાં વર્તન અને વિચારોનાં સ્વરૂપ અને કારણોની સમજ પ્રાપ્ત કરવા સંશોધન કરે છે." — **બેરન અને બાયર્ન**

**• અભ્યાસક્રમ •**

(1) સમાજલક્ષી મનોવિજ્ઞાનની વ્યાખ્યા
(2) સમાજલક્ષી મનોવિજ્ઞાનનું સ્વરૂપ
(3) સમાજલક્ષી મનોવિજ્ઞાનનું કાર્યક્ષેત્ર
(4) સમાજલક્ષી મનોવિજ્ઞાનની પદ્ધતિઓ
(i) નિરીક્ષણ પદ્ધતિ (ii) પ્રશ્નાવલી પદ્ધતિ (iii) મુલાકાત પદ્ધતિ (iv) પ્રયોગ પદ્ધતિ (v) સમાજમિતિ પદ્ધતિ

**• પ્રશ્નબેંક •**

1. સમાજલક્ષી મનોવિજ્ઞાનની વ્યાખ્યાઓ આપી, તેનો અર્થ સમજાવો.
2. સમાજલક્ષી મનોવિજ્ઞાનનું સ્વરૂપ સમજાવો.
3. સમાજલક્ષી મનોવિજ્ઞાનના કાર્યક્ષેત્ર (અભ્યાસક્ષેત્ર)ની ચર્ચા કરો.
4. નિરીક્ષણ પદ્ધતિની ચર્ચા કરો.
5. પ્રયોગ પદ્ધતિ સવિસ્તર સમજાવો.
6. પ્રશ્નાવલિ પદ્ધતિ સમજાવો.
7. મુલાકાત પદ્ધતિની ચર્ચા કરો.
8. સમાજમિતિ પદ્ધતિની ચર્ચા કરો.

**□ પ્રકરણસાર □**

સમાજલક્ષી મનોવિજ્ઞાનના પરિચય સાથે સંબંધિત પ્રથમ પ્રકરણમાં સૌપ્રથમ **સમાજલક્ષી મનોવિજ્ઞાનની વ્યાખ્યાની સમજૂતી** આપી છે. **સમાજલક્ષી મનોવિજ્ઞાન સામાજિક પરિસ્થિતિઓમાં વ્યક્તિના વર્તનનો** એટલે કે વ્યક્તિના સમાજિક **વર્તનનો અભ્યાસ કરે છે.** ત્યારપછી **સમાજલક્ષી મનોવિજ્ઞાનનું સ્વરૂપ** સ્પષ્ટ કરતી સમાજલક્ષી મનોવિજ્ઞાનની લાક્ષણિકતાઓ વર્ણવી છે. ત્યારપછી સમાજલક્ષી



Scanned by CamScanner

મનોવિજ્ઞાનનાં કાર્યક્ષેત્રમાં સમાજલક્ષી મનોવિજ્ઞાનમાં કયા કયા મુદ્દાઓનો અભ્યાસ કરવામાં આવે છે તેની ચર્ચા કરી છે. સમાજલક્ષી મનોવિજ્ઞાન પોતાના કાર્યક્ષેત્રના વિવિધ અભ્યાસમુદ્દાઓનો એટલે કે સામાજિક વર્તનનાં વિવિધ પાસાંઓનો વૈજ્ઞાનિક **પદ્ધતિઓ** દ્વારા અભ્યાસ કરે છે. અંતે સમાજલક્ષી મનોવિજ્ઞાનની **નિરીક્ષણ પદ્ધતિ, પ્રશ્નાવલી પદ્ધતિ, મુલાકાત પદ્ધતિ, પ્રયોગ પદ્ધતિ** અને **સમાજમિતિ પદ્ધતિ**ની સમજ આપી છે.

## [1] સમાજલક્ષી મનોવિજ્ઞાનની વ્યાખ્યા

□ **પ્રશ્ન 1. સમાજલક્ષી મનોવિજ્ઞાનની વ્યાખ્યાઓ આપી, તેનો અર્થ સમજાવો.**

**જવાબના મુદ્દાઓ**

(1) પ્રાસ્તાવિક (2) સમાજલક્ષી મનોવિજ્ઞાનનો અર્થ (3) સમાજલક્ષી મનોવિજ્ઞાનની વ્યાખ્યાઓની સમજૂતી

### [1] પ્રાસ્તાવિક

સમાજલક્ષી મનોવિજ્ઞાન મનોવિજ્ઞાનની એક વ્યવહારલક્ષી શાખા છે. તે સમાજમાં રહેતા વ્યક્તિના વર્તનનો એટલે કે વ્યક્તિના સામાજિક વર્તનનો વ્યવસ્થિત રીતે અને વૈજ્ઞાનિક રીતે અભ્યાસ કરે છે. સામાન્ય મનોવિજ્ઞાન વ્યક્તિના વર્તનનાં જુદાં જુદાં પાસાંઓનો અભ્યાસ કરે છે, જ્યારે સમાજલક્ષી મનોવિજ્ઞાન વ્યક્તિના સામાજિક વર્તનનો એટલે કે વ્યક્તિની સામાજિક આંતરક્રિયાઓનો અભ્યાસ કરે છે.

### [2] સમાજલક્ષી મનોવિજ્ઞાનનો અર્થ

સમાજલક્ષી મનોવિજ્ઞાન વ્યક્તિના સામાજિક વર્તનનો અભ્યાસ કરવા સાથે સંબંધિત મનોવિજ્ઞાનની એક શાખા છે. સમાજલક્ષી મનોવિજ્ઞાનની વ્યાખ્યા જુદા જુદા મનોવૈજ્ઞાનિકોએ જુદી જુદી રીતે આપી છે.

સમાજલક્ષી મનોવિજ્ઞાનની કેટલીક મહત્ત્વની વ્યાખ્યાઓ નીચે પ્રમાણે છે :

(1) "સમાજલક્ષી મનોવિજ્ઞાન એ એવું વૈજ્ઞાનિક ક્ષેત્ર છે કે જે સામાજિક પરિસ્થિતિઓમાં વ્યક્તિના વર્તન અને વિચારોના સ્વરૂપ તેમજ કારણોની સમજ પ્રાપ્ત કરવા સંશોધન કરે છે." **–બેરન અને બાયર્ન**

(2) "સમાજલક્ષી મનોવિજ્ઞાન વ્યક્તિઓ વચ્ચે થતી અથવા વ્યક્તિઓ અને જૂથો વચ્ચે થતી આંતરક્રિયાઓ સાથે સંબંધ ધરાવે છે." **–બી. કુપ્પુસ્વામી**

Scanned by CamScanner

(3) "સમાજલક્ષી મનોવિજ્ઞાન વ્યક્તિની પારસ્પારિક આંતરક્રિયાઓનો અભ્યાસ કરે છે."

**– કિમ્બાલ યંગ**

(4) "સમાજલક્ષી મનોવિજ્ઞાન સમાજમાં વ્યક્તિના વર્તનનો અભ્યાસ કરે છે."

**– ક્રેચ, ક્રચફિલ્ડ અને બેલાચી**

(5) "સમાજલક્ષી મનોવિજ્ઞાન સામાજિક પરિસ્થિતિમાં થતા વ્યક્તિના વર્તનનો અભ્યાસ કરે છે."

– ઓલપોર્ટ

ઉપરની વ્યાખ્યાઓને આધારે **સમાજલક્ષી મનોવિજ્ઞાનનો અર્થ આ પ્રમાણે સમજાવી શકાય : વ્યક્તિ** સમાજમાં અન્ય વ્યક્તિઓ અને જૂથો સાથે રહે છે. તે અન્ય વ્યક્તિઓ અને જૂથો સાથે આંતરક્રિયા કરે છે. સમાજલક્ષી મનોવિજ્ઞાન વ્યક્તિઓ વચ્ચે થતી તેમજ વ્યક્તિઓ અને જૂથો વચ્ચે થતી **આંતરક્રિયાઓ**નો અભ્યાસ કરે છે. વ્યક્તિ **સમાજ**માં એટલે કે **સામજિક પરિસ્થિતિ**માં વર્તન કરે છે. સમાજલક્ષી મનોવિજ્ઞાન સામાજિક પરિસ્થિતિમાં થતા વર્તનનો એટલે કે વ્યક્તિના સામાજિક વર્તનનો અભ્યાસ કરે છે. આમ, **સમાજલક્ષી મનોવિજ્ઞાન વ્યક્તિના સામાજિક વર્તનનો એટલે કે વ્યક્તિની સામાજિક આંતરક્રિયાઓનો અભ્યાસ કરે છે.**

## [3] સમાજલક્ષી મનોવિજ્ઞાનની વ્યાખ્યાઓની સમજૂતી

સમાજલક્ષી મનોવિજ્ઞાનની વ્યાખ્યાઓની વિસ્તૃત સમજૂતી ત્રણ મુદ્દાઓ દ્વારા આપી શકાય : (1) વ્યક્તિ (2) આંતરક્રિયા અને (3) સામાજિક પરિસ્થિતિ.

**(1) વ્યક્તિ :** સમાજલક્ષી મનોવિજ્ઞાન **'વ્યક્તિ'**ને કેન્દ્રમાં રાખીને તેના સામાજિક વર્તનનો અભ્યાસ કરે છે. જ્યારે સમાજશાસ્ત્ર, નૃવંશશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર વગેરે સામાજિક વિજ્ઞાનો 'જૂથ'ને કેન્દ્રમાં રાખીને અભ્યાસ કરે છે. આમ, સમાજલક્ષી મનોવિજ્ઞાન મનોવિજ્ઞાનની એક શાખા હોવાથી તેના **અભ્યાસનું એકમ વ્યક્તિ** છે.

**(2) આંતરક્રિયા :** બે કે તેથી વધુ વ્યક્તિઓ વચ્ચે થતી પરસ્પર ક્રિયા-પ્રતિક્રિયાને આંતરક્રિયા કહે છે. સમાજલક્ષી મનોવિજ્ઞાન વ્યક્તિઓ વચ્ચે થતી તેમજ વ્યક્તિઓ અને જૂથો વચ્ચે થતી આંતરક્રિયાઓનો અભ્યાસ કરે છે. સામાજિક આંતરક્રિયાઓમાંથી જ વિવિધ પ્રકારના સામાજિક વર્તનનાં સ્વરૂપો પ્રગટ થાય છે. આમ, સામાજિક વર્તનનાં વિવિધ સ્વરૂપોનો અભ્યાસ કરવા માટે સમાજલક્ષી મનોવિજ્ઞાનમાં પ્રત્યક્ષ અને પરોક્ષ સ્વરૂપે થતી તેમજ વ્યક્તિ-વ્યક્તિ અને વ્યક્તિ-જૂથ વચ્ચે થતી **આંતરક્રિયાઓનો અભ્યાસ** થાય છે.

**(3) સામાજિક પરિસ્થિતિ :** સમાજલક્ષી મનોવિજ્ઞાન સામાજિક પરિસ્થિતિમાં

Scanned by CamScanner

ઉદ્‌ભવતા વ્યક્તિના વર્તનનો અભ્યાસ કરે છે. જે પરિસ્થિતિમાં એક વ્યક્તિનું વર્તન અન્યને પ્રભાવિત કરે છે અથવા અન્યથી પ્રભાવિત થાય છે તે પરિસ્થિતિને સામાજિક પરિસ્થિતિ કહેવામાં આવે છે. સામાજિક પરિસ્થિતિમાં વ્યક્તિઓ એકબીજાથી પ્રભાવિત થાય છે ત્યારે સામાજિક આંતરક્રિયા એટલે કે સામાજિક વર્તન ઉદ્‌ભવે છે.

આમ, સમાજલક્ષી મનોવિજ્ઞાન સામાજિક પરિસ્થિતિમાં થતા વર્તનનો, વ્યક્તિના સામાજિક વર્તનનો તેમજ સામાજિક આંતરક્રિયાઓનો અભ્યાસ કરે છે.

## [2] સમાજલક્ષી મનોવિજ્ઞાનનું સ્વરૂપ

□ **પ્રશ્ન 2. * સમાજલક્ષી મનોવિજ્ઞાન એટલે શું? તેનું સ્વરૂપ વર્ણવો.**
*** સમાજલક્ષી મનોવિજ્ઞાનનું સ્વરૂપ સમજાવો.**

**જવાબના મુદ્દાઓ**

(1) સમાજલક્ષી મનોવિજ્ઞાન એટલે શું? (2) સમાજલક્ષી મનોવિજ્ઞાનનું સ્વરૂપ

### [1] સમાજલક્ષી મનોવિજ્ઞાન એટલે શું?

સમાજલક્ષી મનોવિજ્ઞાન વ્યક્તિના સામાજિક વર્તનનો અભ્યાસ કરવા સાથે સંબંધિત મનોવિજ્ઞાનની એક શાખા છે. સમાજલક્ષી મનોવિજ્ઞાનની વ્યાખ્યા જુદા જુદા મનોવૈજ્ઞાનિકોએ જુદી જુદી રીતે આપી છે. **સમાજલક્ષી મનોવિજ્ઞાનની કેટલીક મહત્ત્વની વ્યાખ્યાઓ નીચે પ્રમાણે છે :**

(1) "સમાજલક્ષી મનોવિજ્ઞાન એ એવું વૈજ્ઞાનિક ક્ષેત્ર છે કે જે સામાજિક પરિસ્થિતિઓમાં વ્યક્તિના વર્તન અને વિચારોના સ્વરૂપ તેમજ કારણોની સમજ પ્રાપ્ત કરવા સંશોધન કરે છે." – બેરન અને બાયર્ન

(2) "સમાજલક્ષી મનોવિજ્ઞાન વ્યક્તિઓ વચ્ચે થતી અથવા વ્યક્તિઓ અને જૂથો વચ્ચે થતી આંતરક્રિયાઓ સાથે સંબંધ ધરાવે છે." – બી. કુપ્પુસ્વામી

(3) "સમાજલક્ષી મનોવિજ્ઞાન વ્યક્તિની પારસ્પારિક આંતરક્રિયાઓનો અભ્યાસ કરે છે." – કિમ્બાલ યંગ

(4) "સમાજલક્ષી મનોવિજ્ઞાન સમાજમાં વ્યક્તિના વર્તનનો અભ્યાસ કરે છે." – ક્રેચ, ક્રચફિલ્ડ અને બેલાચી

(5) "સમાજલક્ષી મનોવિજ્ઞાન સામાજિક પરિસ્થિતિમાં થતા વ્યક્તિના વર્તનનો અભ્યાસ કરે છે." – ઓલપોર્ટ

Scanned by CamScanner

ઉપરની વ્યાખ્યાઓને આધારે **સમાજલક્ષી મનોવિજ્ઞાનનો અર્થ આ પ્રમાણે સમજાવી શકાય :** વ્યક્તિ સમાજમાં અન્ય વ્યક્તિઓ અને જૂથો સાથે રહે છે. તે અન્ય વ્યક્તિઓ અને જૂથો સાથે આંતરક્રિયા કરે છે. સમાજલક્ષી મનોવિજ્ઞાન વ્યક્તિઓ વચ્ચે થતી તેમજ વ્યક્તિઓ અને જૂથો વચ્ચે થતી **આંતરક્રિયાઓનો** અભ્યાસ કરે છે. વ્યક્તિ **સમાજ**માં એટલે કે **સામજિક પરિસ્થિતિ**માં વર્તન કરે છે. સમાજલક્ષી મનોવિજ્ઞાન સામાજિક પરિસ્થિતિમાં થતા વર્તનનો એટલે કે વ્યક્તિના સામાજિક વર્તનનો અભ્યાસ કરે છે. આમ, **સમાજલક્ષી મનોવિજ્ઞાન વ્યક્તિના સામાજિક વર્તનનો એટલે કે વ્યક્તિની સામાજિક આંતરક્રિયાઓનો અભ્યાસ કરે છે.**

### [2] સમાજલક્ષી મનોવિજ્ઞાનનું સ્વરૂપ

સમાજલક્ષી મનોવિજ્ઞાન સામાજિક પરિસ્થિતિમાં થતા વ્યક્તિના વર્તનનો એટલે કે આંતરક્રિયાઓનો વૈજ્ઞાનિક રીતે અભ્યાસ કરે છે. સમાજલક્ષી મનોવિજ્ઞાનના અર્થને સમજવા માટે તેના સ્વરૂપને જાણવું જરૂરી છે.

સમાજલક્ષી મનોવિજ્ઞાનનું સ્વરૂપ નીચેની લાક્ષણિકતાઓ દ્વારા સ્પષ્ટ થાય છે.

(1) સમાજલક્ષી મનોવિજ્ઞાન એક વિજ્ઞાન છે.
(2) સમાજલક્ષી મનોવિજ્ઞાન આનુભવિક અને પ્રાકૃતિક વિજ્ઞાન છે.
(3) સમાજલક્ષી મનોવિજ્ઞાન વાર્તનિક વિજ્ઞાન છે.
(4) સમાજલક્ષી મનોવિજ્ઞાન સૈદ્ધાંતિક અને વ્યાવહારિક વિજ્ઞાન છે.
(5) સમાજલક્ષી મનોવિજ્ઞાન બોધાત્મક દૃષ્ટિબિંદુ સ્વીકારે છે.
(6) સમાજલક્ષી મનોવિજ્ઞાન બહુવિધ સાંસ્કૃતિક દૃષ્ટિબિંદુ અપનાવે છે.

**(1) સમાજલક્ષી મનોવિજ્ઞાન એક વિજ્ઞાન છે :**

વિજ્ઞાન એટલે હકીકતોનું નિરીક્ષણ કરીને સિદ્ધાંતો સ્થાપિત કરવા સાથે સંબંધ ધરાવતી જ્ઞાનની શાખા. સમાજલક્ષી મનોવિજ્ઞાન પણ માનવીનાં સામાજિક વર્તનોનો નિરીક્ષણ, પ્રયોગ, મુલાકાત, સર્વેક્ષણ જેવી વૈજ્ઞાનિક પદ્ધતિઓનો ઉપયોગ કરીને સિદ્ધાંતો સ્થાપિત કરે છે. તેથી **તે એક વિજ્ઞાન છે.**

કોઈપણ અભ્યાસક્ષેત્રને વિજ્ઞાન ગણાવવા માટે બે બાબતો મહત્ત્વની છે : (1) મૂલ્યો અને (2) વૈજ્ઞાનિક પદ્ધતિ. સમાજલક્ષી મનોવિજ્ઞાન સામાજિક વર્તનની સમજૂતી માટે ચોકસાઈ, વસ્તુલક્ષિતા, સંશયવાદ અને ખુલ્લું માનસ એ મૂલ્યોને સ્વીકારે છે તેમજ અભ્યાસ કરવા માટે વૈજ્ઞાનિક હોય એવી વિવિધ સંશોધન પદ્ધતિઓ અપનાવે છે, તેથી **તે એક વિજ્ઞાન છે.**

**(2) સમાજલક્ષી મનોવિજ્ઞાન આનુભવિક અને પ્રાકૃતિક વિજ્ઞાન છે :**

સમાજલક્ષી મનોવિજ્ઞાન વાસ્તવિક હકીકતો પર આધાર રાખતું હોવાથી,

Scanned by CamScanner

અનુભવોમાંથી પ્રાપ્ત પુરાવાઓને સ્વીકારતું હોવાથી તેમજ નિરીક્ષણ, પ્રયોગ વગેરે વૈજ્ઞાનિક પદ્ધતિઓ દ્વારા વાસ્તવિક હકીકતો મેળવતું હોવાથી આનુભવિક વિજ્ઞાન છે. તે અનુભવગમ્ય અને વસ્તુલક્ષી હકીકતોને આધારે સામાજિક વર્તનની વૈજ્ઞાનિક સમજૂતી આપે છે, તેથી **તે આનુભવિક વિજ્ઞાન છે.**

જે વિજ્ઞાન પોતાના વિષયવસ્તુનો તેના પ્રાકૃતિક સ્વરૂપમાં એટલે કે વાસ્તવિક સ્વરૂપમાં એટલે કે મૂળ સ્વરૂપમાં અભ્યાસ કરે છે, તેને પ્રાકૃતિક વિજ્ઞાન કહેવામાં આવે છે. સમાજલક્ષી મનોવિજ્ઞાન સામાજિક વર્તન કે સામાજિક આંતરક્રિયા જે સ્વરૂપે ઉદ્ભવે છે તે જ મૂળ સ્વરૂપે તેનો અભ્યાસ કરે છે, તેથી **તે પ્રાકૃતિક વિજ્ઞાન છે.**

**(3) સમાજલક્ષી મનોવિજ્ઞાન વાર્તનિક વિજ્ઞાન છે :**

જે વિજ્ઞાનોમાં પ્રાણી, માનવી તેમજ કોઈપણ જીવંત શરીર (organism)ના વર્તનનો અભ્યાસ નિરીક્ષણ દ્વારા વસ્તુલક્ષી દૃષ્ટિએ થતો હોય તેમને વાર્તનિક વિજ્ઞાનો કહેવામાં આવે છે. આ કારણને લીધે મનોવિજ્ઞાન, સમાજશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર અને નૃવંશશાસ્ત્રને વાર્તનિક વિજ્ઞાનો કહેવામાં આવે છે. સમાજલક્ષી મનોવિજ્ઞાનમાં વ્યક્તિના સામાજિક વર્તનનો વસ્તુલક્ષી રીતે અને વૈજ્ઞાનિક રીતે અભ્યાસ થાય છે, તેથી તેને વાર્તનિક વિજ્ઞાન કહેવામાં આવે છે.

**(4) સમાજલક્ષી મનોવિજ્ઞાન સૈદ્ધાંતિક અને વ્યાવહારિક વિજ્ઞાન છે :**

જે વિજ્ઞાન પોતાના વિષયવસ્તુ અંગે સિદ્ધાંતો આપે છે તે વિજ્ઞાનને સૈદ્ધાંતિક વિજ્ઞાન કહે છે. જ્યારે બીજી બાજુ જે વિજ્ઞાન પોતાના વિષયવસ્તુને લગતા સિદ્ધાંતોનો વ્યવહારમાં ઉપયોગ કરે છે તે વિજ્ઞાનને વ્યાવહારિક વિજ્ઞાન કહે છે. આધુનિક સમયમાં પ્રત્યેક વિજ્ઞાનનાં બે પાસાંઓ હોય છે : (1) સૈદ્ધાંતિક અને (2) વ્યાવહારિક. સમાજલક્ષી મનોવિજ્ઞાન પણ સૈદ્ધાંતિક અને વ્યાવહારિક બંને પાસાંઓ ધરાવે છે.

સમાજલક્ષી મનોવિજ્ઞાન **સૈદ્ધાંતિક વિજ્ઞાન તરીકે** સામાજિક વર્તનની સૈદ્ધાંતિક સમજૂતી આપતા સિદ્ધાંતો કે નિયમો આપે છે. સમાજલક્ષી મનોવિજ્ઞાન સૈદ્ધાંતિક પાસાની સાથે સાથે વ્યાવહારિક પાસું પણ અપનાવે છે. **વ્યાવહારિક વિજ્ઞાન તરીકે** તે સમાજની સમસ્યાઓનું નિરાકરણ કરે છે. સમાજલક્ષી મનોવિજ્ઞાનને પૂર્વગ્રહો અને ભેદભાવોને ઓછા કરવા, મનોવલણમાં પરિવર્તન લાવવું, યુદ્ધ અને આંતરરાષ્ટ્રીય તંગદિલી ઘટાડવી વગેરે ક્ષેત્રોમાં અભ્યાસોને આધારે મહત્ત્વનાં સૂચનો કર્યાં છે. સમાજલક્ષી મનોવિજ્ઞાને લોકમત દ્વારા ચૂંટણીની આગાહી કરવી, પ્રચારની અસરકારક રીતો, પ્રચાર સામે રક્ષણ વગેરે ક્ષેત્રમાં પણ ઉપયોગી પ્રદાન

Scanned by CamScanner

કર્યું છે. આમ, આધુનિક સમાજલક્ષી મનોવિજ્ઞાન સૈદ્ધાંતિક તેમજ વ્યાવહારિક બંને દૃષ્ટિબિંદુઓ ધરાવે છે.

**(5) સમાજલક્ષી મનોવિજ્ઞાન બોધાત્મક દૃષ્ટિબિંદુ સ્વીકારે છે :**

સમાજલક્ષી મનોવિજ્ઞાન સામાજિક વર્તનની સમજૂતી આપવા માટે બોધાત્મક દૃષ્ટિબિંદુ-અભિગમ ધરાવે છે. જુદી જુદી પરિસ્થિતિઓમાં થતા વ્યક્તિના વર્તનનો આધાર તેના બોધન પર રહેલો છે. વ્યક્તિ પરિસ્થિતિ વિશે શું વિચારે છે તેને આધારે તેની પરિસ્થિતિ પ્રત્યેની પ્રતિક્રિયા નક્કી થાય છે. તેથી સમાજલક્ષી મનોવિજ્ઞાનમાં સામાજિક વર્તનની પર્યાપ્ત સમજૂતી આપવા માટે વ્યક્તિના બોધનનો એટલે કે વિચારપ્રક્રિયાનો અભ્યાસ થાય છે અને સાથે સાથે વ્યક્તિના બોધન એટલે કે વિચારપ્રક્રિયાની અસર તેના સામાજિક વર્તન પર કેવી રીતે થાય છે તેનો પણ અભ્યાસ થાય છે. આમ, તે **બોધાત્મક દૃષ્ટિબિંદુ** ધરાવે છે.

**(6) સમાજલક્ષી મનોવિજ્ઞાન બહુવિધ સાંસ્કૃતિક દૃષ્ટિબિંદુ અપનાવે છે :**

માનવીઓના વર્તનમાં સાંસ્કૃતિક દૃષ્ટિએ ભિન્નતા રહેલી છે. તેથી આધુનિક સમાજલક્ષી મનોવિજ્ઞાન માનવીના સામાજિક વર્તનની સર્વસામાન્ય સમજૂતી તો આપે છે; પરંતુ સાથે સાથે તે બહુવિધ સાંસ્કૃતિક દૃષ્ટિબિંદુ પણ અપનાવે છે. આ દૃષ્ટિબિંદુ પ્રમાણે વિવિધ સમાજોની સાંસ્કૃતિક તરેહ પ્રમાણે વર્તનમાં ભિન્નતા હોઈ શકે છે. રોમેન્ટિક પ્રેમની અભિવ્યક્તિ જે રીતે અમેરિકન સમાજમાં કે પશ્ચિમના સમાજમાં થાય છે તેવી રીતે ભારતીય સમાજમાં તેની અભિવ્યક્તિ થઈ શકતી નથી. તેનું કારણ સાંસ્કૃતિક ભિન્નતા છે. આમ, વર્તનની સમજૂતી માટે સાંસ્કૃતિક ભિન્નતાને ધ્યાનમાં લેવી જોઈએ. તેથી જ **આધુનિક સમાજલક્ષી મનોવિજ્ઞાન બહુવિધ સાંસ્કૃતિક દૃષ્ટિબિંદુ** ધરાવે છે.

## [3] સમાજલક્ષી મનોવિજ્ઞાનનું કાર્યક્ષેત્ર

**□ પ્રશ્ન 3. * સમાજલક્ષી મનોવિજ્ઞાનની વ્યાખ્યા આપી, તેનું કાર્યક્ષેત્ર ચર્ચો.**
*** સમાજલક્ષી મનોવિજ્ઞાનના કાર્યક્ષેત્ર (અભ્યાસક્ષેત્ર)ની ચર્ચા કરો.**

**જવાબના મુદ્દાઓ**

(1) સમાજલક્ષી મનોવિજ્ઞાનની વ્યાખ્યા (2) સમાજલક્ષી મનોવિજ્ઞાનનું કાર્યક્ષેત્ર (અભ્યાસક્ષેત્ર) (3) ઉપસંહાર

### [1] સમાજલક્ષી મનોવિજ્ઞાનની વ્યાખ્યા

જુઓ પ્રશ્ન નં. 2ના ઉત્તરનો પહેલો મુદ્દો.

Scanned by CamScanner

## [2] સમાજલક્ષી મનોવિજ્ઞાનનું કાર્યક્ષેત્ર (અભ્યાસક્ષેત્ર)

સમાજલક્ષી મનોવિજ્ઞાનના કાર્યક્ષેત્રમાં તેના અભ્યાસના વિષયો, મુદ્દાઓ અને અભ્યાસપ્રશ્નોનો સમાવેશ થાય છે. સમાજલક્ષી મનોવિજ્ઞાનનું કાર્યક્ષેત્ર અત્યંત વ્યાપક છે.

આધુનિક સમાજલક્ષી મનોવિજ્ઞાનના કાર્યક્ષેત્રમાં (અભ્યાસક્ષેત્રમાં) નીચેના મુદ્દાઓનો સમાવેશ થાય છે :

(1) જૂથપ્રક્રિયાઓ અને સામાજિક આંતરક્રિયા
(2) મનોવલણો
(3) પૂર્વગ્રહો
(4) નેતૃત્વ
(5) લોકમત
(6) પ્રચાર
(7) વિચલિત વર્તન
(8) સમૂહવર્તન
(9) સમાજીકરણ
(10) સમાજાભિમુખ વર્તન

**(1) જૂથપ્રક્રિયાઓ અને સામાજિક આંતરક્રિયા :**

વ્યક્તિ હમેશાં જૂથમાં પોતાનું જીવન પસાર કરે છે. કુટુંબ, પાડોશ, મિત્રમંડળ, શાળા વગેરે વિવિધ જૂથો વ્યક્તિના વર્તન પર અસર જન્માવે છે. સમાજલક્ષી મનોવિજ્ઞાનમાં જૂથનાં લક્ષણો, જૂથના પ્રકારો વગેરેનો અભ્યાસ થાય છે.

સમાજલક્ષી મનોવિજ્ઞાન સામાજિક પરિસ્થિતિમાં થતા સામાજિક વર્તનનો અભ્યાસ કરે છે. સામાજિક વર્તન સામાજિક આંતરક્રિયા સ્વરૂપે થાય છે. સામાજિક આંતરક્રિયા વ્યક્તિ-વ્યક્તિ વચ્ચે, વ્યક્તિ-જૂથ વચ્ચે અને જૂથ-જૂથ વચ્ચે થતી હોય છે. સમાજલક્ષી મનોવિજ્ઞાનમાં સામજિક આંતરક્રિયાના પ્રકારો તેમજ સામાજિક આંતરક્રિયાનાં ઉપકરણોનો અભ્યાસ થાય છે. સામાજિક આંતરક્રિયામાં અભિસંધાન, સૂચન, અનુકરણ, સહાનુભૂતિ, સામાજિક અવરોધ, સામાજિક તાદાત્મ્ય વગેરે ઉપકરણો મહત્ત્વનો ભાગ ભજવે છે.

**(2) મનોવલણો :**

મનોવલણો એ ચોક્કસ વ્યક્તિ, જૂથ કે સંસ્થા પરત્વેની વિધાયક કે નિષેધક માન્યતાઓ છે; જે વ્યક્તિની વાણી અને વર્તનમાં અભિવ્યક્ત થાય છે. મનોવલણો

Scanned by CamScanner

માનવીના વર્તન પર અસર કરે છે. સમાજલક્ષી મનોવિજ્ઞાનમાં મનોવલણનાં લક્ષણો, મનોવલણોનું ઘડતર, મનોવલણોમાં પરિવર્તન તેમજ મનોવલણોના માપનનો અભ્યાસ કરવામાં આવે છે.

**(3) પૂર્વગ્રહો :**

પૂર્વગ્રહ એ અન્ય વ્યક્તિ કે જૂથ પરત્વેનું અંતિમ કક્ષાનું નિષેધક મનોવલણ છે. પૂર્વગ્રહો વ્યક્તિના વર્તન પર નિષેધક અસર જન્માવે છે. સમાજલક્ષી મનોવિજ્ઞાનમાં પૂર્વગ્રહનું સ્વરૂપ (લક્ષણો), પૂર્વગ્રહનું ઘડતર (પૂર્વગ્રહનાં ઉદ્‌ભવસ્થાનો), પૂર્વગ્રહનાં પરિણામો (અસરો), પૂર્વગ્રહ નિવારવાના ઉપાયો વગેરેનો અભ્યાસ કરવામાં આવે છે.

**(4) નેતૃત્વ :**

પ્રત્યેક જૂથમાં નેતા હોય છે. નેતાની ભૂમિકાને-કામગીરીને નેતૃત્વ કહે છે. વર્ચસ્વ અને અધીનતાના સંબંધોમાંથી નેતૃત્વ જન્મે છે. સમાજલક્ષી મનોવિજ્ઞાનમાં નેતૃત્વનો અર્થ, નેતૃત્વનો ઉદ્‌ભવ, નેતૃત્વના સિદ્ધાંતો, નેતાનાં ગુણલક્ષણો, નેતૃત્વ અને નેતાના પ્રકારો, નેતાનાં કાર્યો વગેરેનો અભ્યાસ કરવામાં આવે છે.

**(5) લોકમત :**

આધુનિક યુગમાં લોકશાહી દેશોમાં લોકમત ખૂબ જ મહત્ત્વનું સ્થાન ધરાવે છે. પ્રત્યેક સમસ્યા અંગે લોકમત ઘડાતો હોય છે. સમાજલક્ષી મનોવિજ્ઞાનમાં લોકમતનું સ્વરૂપ, લોકમતનું ઘડતર, લોકમતમાં પરિવર્તન, લોકમતનું માપન વગેરેનો અભ્યાસ કરવામાં આવે છે.

**(6) પ્રચાર :**

વ્યક્તિના સામાજિક વર્તનને નિયંત્રિત કરવામાં પ્રચાર મહત્ત્વનો ભાગ ભજવે છે. આધુનિક યુગમાં રાજકીય, ઔદ્યોગિક, સામાજિક, ધાર્મિક વગેરે વિવિધ ક્ષેત્રોમાં પ્રચારનો વ્યાપકપણે ઉપયોગ થાય છે. સમાજલક્ષી મનોવિજ્ઞાનમાં પ્રચારનાં લક્ષણો, પ્રચારની પ્રયુક્તિઓ, પ્રચારની અસરકારકતા, પ્રચાર સામે રક્ષણ વગેરેનો અભ્યાસ કરવામાં આવે છે.

**(7) વિચલિત વર્તન :**

વ્યક્તિ મોટે ભાગે જૂથનાં ધોરણો કે નિયમો પ્રમાણે વર્તન કરે છે. પરંતુ કેટલીકવાર કેટલીક વ્યક્તિઓ જૂથનાં ધોરણો કે નિયમોથી સંપૂર્ણપણે વિરોધી રીતે વર્તન કરે છે, તેને સામાજિક વિચલન કહે છે. સામાજિક વિચલન એટલે જૂથનાં પ્રચલિત ધોરણોથી ભિન્ન વર્તન. સમાજલક્ષી મનોવિજ્ઞાનમાં વિચલિત વર્તનનો અર્થ, વિચલિત વર્તનના પ્રકારો અને વિચલિત વર્તનનાં કારણોનો અભ્યાસ કરવામાં આવે છે. બાળગુનેગારી, અતિ મદ્યપાન, કેફી પદાર્થોનું વ્યસન,

Scanned by CamScanner

વેશ્યાવૃત્તિ, ભિક્ષુકવૃત્તિ તેમજ નિરાધાર અને ભાગેડુ બાળકો એ વિચલિત વર્તનના – સામાજિક વિચલનના પ્રકારો છે.

**(8) સમૂહવર્તન :**

આધુનિક ઔદ્યોગિક સમાજ એ સમૂહસમાજ છે. આ સમૂહસમાજમાં વિવિધ સ્વરૂપનાં સમૂહવર્તનો અસ્તિત્વમાં આવે છે. સમાજલક્ષી મનોવિજ્ઞાનમાં ટોળાકીય વર્તન, શ્રોતાગણ, અફવા તેમજ ફેડ, ફેશન અને ઘેલછા એ સમૂહવર્તનોનો અભ્યાસ કરવામાં આવે છે.

**(9) સમાજીકરણ :**

સમાજીકરણ એ એક એવી પ્રક્રિયા છે કે જેના દ્વારા બાળક સામાજિક વર્તન કરતાં શીખે છે; તે સામાજિક ધોરણો પ્રમાણે વર્તન કરતાં શીખે છે. માનવીને સામાજિક બનાવવાની પ્રક્રિયાને સમાજીકરણ કહે છે. સમાજલક્ષી મનોવિજ્ઞાનમાં સમાજીકરણની પ્રક્રિયા, સમાજીકરણનાં માધ્યમો – સમાજીકરણમાં કુટુંબ, સમવયસ્કો અને શાળાનો ફાળો તેમજ સમાજીકરણનાં પ્રક્રિયાતંત્રો અને પરિણામોનો અભ્યાસ કરવામાં આવે છે.

**(10) સમાજાભિમુખ વર્તન :**

સમાજાભિમુખ વર્તન એ અન્યને મદદરૂપ થવાનું વર્તન છે. પરોપકાર અને મદદરૂપ થવાનું વર્તન તેના પ્રકારો છે. સમાજલક્ષી મનોવિજ્ઞાનમાં સમાજાભિમુખ વર્તન, મદદરૂપ થવાના વર્તનના નિર્ણયનાં સોપાનો, મદદ મેળવવાની પાત્રતા, મદદરૂપ થવાના વર્તન માટેનાં જવાબદાર પરિબળો વગેરેનો અભ્યાસ કરવામાં આવે છે. સમાજલક્ષી મનોવૈજ્ઞાનિકોએ લોકો શા માટે મદદ કરતા નથી ? લોકો શા માટે મદદ કરે છે ? કેવા લોકો મદદ મેળવે છે ? એ પ્રશ્નોના ઉત્તરો સંશોધનોને આધારે આપ્યા છે.

## [3] ઉપસંહાર

આમ, સમાજલક્ષી મનોવિજ્ઞાનમાં વ્યક્તિના સામાજિક વર્તનનાં લગભગ બધાં જ પાસાંઓનો તેમજ સામાજિક વર્તન પર અસર કરનારાં બધાં જ પરિબળોનો અભ્યાસ કરવામાં આવે છે. આધુનિક સમાજલક્ષી મનોવિજ્ઞાનમાં ઉપર દર્શાવેલા અભ્યાસમુદ્દાઓ ઉપરાંત સામાજિક પ્રત્યક્ષીકરણ, સામાજિક બોધન, આક્રમકતા વગેરેનો પણ અભ્યાસ કરવામાં આવે છે.

Scanned by CamScanner

## [4] સમાજલક્ષી મનોવિજ્ઞાનની પદ્ધતિઓ

### □ નિરીક્ષણ પદ્ધતિ □

□ પ્રશ્ન 4. * સમાજલક્ષી મનોવિજ્ઞાનની પદ્ધતિઓ જણાવી, નિરીક્ષણ પદ્ધતિની ચર્ચા કરો.

* વ્યવસ્થિત નિરીક્ષણ પદ્ધતિની ચર્ચા કરો.

**જવાબના મુદ્દાઓ**

(1) પ્રાસ્તાવિક (સમાજલક્ષી મનોવિજ્ઞાનની પદ્ધતિઓ) (2) નિરીક્ષણનો અર્થ (3) નિરીક્ષણની પ્રયુક્તિઓ (4) નિરીક્ષણના ફાયદાઓ અને મર્યાદાઓ

#### [1] પ્રાસ્તાવિક (સમાજલક્ષી મનોવિજ્ઞાનની પદ્ધતિઓ)

સમાજલક્ષી મનોવિજ્ઞાનમાં સામાજિક વર્તન અને સામાજિક આંતરક્રિયાઓનો વૈજ્ઞાનિક રીતે અભ્યાસ કરવા માટે વૈજ્ઞાનિક પદ્ધતિઓનો ઉપયોગ થાય છે. સમાજલક્ષી મનોવિજ્ઞાનમાં મુખ્યત્વે **નિરીક્ષણ પદ્ધતિ, પ્રયોગ પદ્ધતિ, પ્રશ્નાવલિ પદ્ધતિ, મુલાકાત પદ્ધતિ, સર્વેક્ષણ પદ્ધતિ, સમાજમિતિ પદ્ધતિ** વગેરે વૈજ્ઞાનિક પદ્ધતિઓનો ઉપયોગ થાય છે. જોકે સમાજલક્ષી મનોવિજ્ઞાનના ક્ષેત્રે **વ્યવસ્થિત નિરીક્ષણ પદ્ધતિ**નો વ્યાપકપણે ઉપયોગ થાય છે.

#### [2] નિરીક્ષણનો અર્થ

સમાજલક્ષી મનોવિજ્ઞાનના ક્ષેત્રે વ્યક્તિના સામાજિક વર્તન તેમજ વિવિધ સામાજિક પરિસ્થિતિઓ અંગે માહિતી એકત્રિત કરવા માટે નિરીક્ષણ પદ્ધતિનો વ્યાપકપણે ઉપયોગ થાય છે.

**નિરીક્ષમનો અર્થ :**

**નિરીક્ષણ એટલે તાલીમબદ્ધ નિરીક્ષકો દ્વારા અન્ય વ્યક્તિઓના વર્તનનું નિશ્ચિત હેતુપૂર્વક પદ્ધતિસર રીતે ચોકસાઈપૂર્વક કરવામાં આવતું અવલોકન.** સમાજલક્ષી મનોવિજ્ઞાનમાં સામાજિક વર્તન, સામાજિક પરિસ્થિતિઓ, સામાજિક આંતરક્રિયાઓનું વૈજ્ઞાનિક રીતે અવલોકન કરવામાં આવે છે. આ પદ્ધતિમાં સામાન્ય રીતે અન્ય વ્યક્તિના ચહેરાના હાવભાવો, અંગચેષ્ટાઓ તેમજ ભાષા કે વાણીનું અવલોકન કરવામાં આવે છે અને તે અંગેની માહિતીની નોંધ કરવામાં આવે છે.

Scanned by CamScanner

**નિરીક્ષણનાં અંગો :**

નિરીક્ષણ પદ્ધતિનાં મુખ્ય ચાર અંગો નીચે પ્રમાણે છે :

**(1) વર્તનનું પ્રત્યક્ષ અવલોકન :** વિવિધ સામાજિક વર્તનો, સામાજિક પરિસ્થિતિઓ અને સામાજિક ઘટનાઓનું ઝીણવટભરી રીતે પ્રત્યક્ષ અવલોકન કરવામાં આવે છે.

**(2) વર્તનની નોંધ :** નિરીક્ષક વર્તનનું અવલોકન કરીને વર્તનની કાળજીપૂર્વક નોંધ કરે છે. વર્તનની નોંધ ચોકસાઈપૂર્વક, વસ્તુલક્ષી અને વૈજ્ઞાનિક રીતે થાય એ આવશ્યક છે.

**(3) વર્તનની વ્યાખ્યા અને પૃથક્કરણ :** વર્તનની નોંધને આધારે વર્તનનું વર્ણનં કરીને સ્પષ્ટીકરણ કરવામાં આવે છે. વર્તનનું પૃથક્કરણ – વિશ્લેષણ કરીને વર્તન અંગે સમજૂતી આપવામાં આવે છે.

**(4) સામાન્યીકરણ :** વર્તનના અવલોકન અને વિશ્લેષણને આધારે વર્તનની સમજૂતી મેળવી વર્તન અંગે સામાન્યીકરણ કરવામાં આવે છે.

**નિરીક્ષણના પ્રકારો :**

નિરીક્ષણના મુખ્ય ત્રણ પ્રકારો છે : (1) સાદું નિરીક્ષણ (અવ્યવસ્થિત નિરીક્ષણ) (2) વ્યવસ્થિત નિરીક્ષણ અને (3) ક્ષેત્ર નિરીક્ષણ.

**(1)** સામાન્ય રીતે રોજબરોજના જીવનમાં ઉદ્ભવતી સામાજિક પરિસ્થિતિઓ, સામાજિક ઘટનાઓ અને સામાજિક વર્તનોના નિરીક્ષણને સાદું **કે અવ્યવસ્થિત નિરીક્ષણ** કહે છે. **(2)** જ્યારે નિરીક્ષણ હેતુપૂર્વક, આયોજનપૂર્વક, ચોકસાઈપૂર્વક અને કાળજીપૂર્વક કરવામાં આવે ત્યારે તેને **વ્યવસ્થિત નિરીક્ષણ** કહે છે. (3) વિશાળ જનસમુદાયનું સ્થળ પર એટલે કે ક્ષેત્ર પર જઈને કુદરતી પરિસ્થિતિમાં નિરીક્ષણ કરવામાં આવે તેને **ક્ષેત્ર નિરીક્ષણ** કહે છે.

## [ 3 ] નિરીક્ષણની પ્રયુક્તિઓ

નિરીક્ષણ બને તેટલું વધુ સર્વાંગી, વસ્તુનિષ્ઠ અને વિશ્વસનીય બને તે માટે નીચેની કેટલીક પ્રયુક્તિઓ કે રીતોનો ઉપયોગ કરવામાં આવે છે.

(1) નિરીક્ષણ કરવા **તાલીમ પામેલા અનેક નિરીક્ષકોનો ઉપયોગ** કરવામાં આવે છે. એકાદ નિરીક્ષક પોતાના પૂર્વગ્રહોથી દોરાય અથવા તો એકાદ નિરીક્ષક જરૂરી વિગતોનું નિરીક્ષણ કરવાનું ભૂલી જાય, તેને પરિણામે નિરીક્ષણ દ્વારા પ્રાપ્ત માહિતી વિશ્વસનીય બનતી નથી. તેથી અનેક તાલીમબદ્ધ નિરીક્ષકો એક જ સામાજિક પરિસ્થિતિનું નિરીક્ષણ કરે છે.

(2) **નિરીક્ષણ લાંબા સમય સુધી અનેકવાર** કરવામાં આવે છે.

Scanned by CamScanner

(3) સમાજલક્ષી મનોવિજ્ઞાનમાં બાળકોના સામાજિક વર્તનનો અભ્યાસ કરવા માટે **એકતરફી દૃશ્યકાચનો ઉપયોગ** કરવામાં આવે છે. પરિણામે, બાળકોના સ્વાભાવિક સામાજિક વર્તનનું નિરીક્ષણ થઈ શકે છે.

(4) નિરીક્ષણની માહિતી સંપૂર્ણ બનાવવા માટે **કેટલાંક સાદાં અને જટિલ સાધનોનો ઉપયોગ** કરવામાં આવે છે. નિરીક્ષક કેટલીકવાર ટેપરેકોર્ડિંગ યંત્ર, ધ્વનિવાહક યંત્ર, કૅમેરા તથા મૂવી કૅમેરા – ચલચિત્રનો પણ ઉપયોગ કરે છે. પરિણામે નિરીક્ષકે જે વર્તનનું નિરીક્ષણ કર્યું હોય, તેનો અભ્યાસ પોતાની અનુકૂળતાએ વારંવાર કરી શકે છે.

ઉપરોક્ત પ્રયુક્તિઓ દ્વારા સમાજલક્ષી મનોવૈજ્ઞાનિકોએ નિરીક્ષણ પદ્ધતિને વધુ ચોક્કસ અને વૈજ્ઞાનિક સ્વરૂપ આપ્યું છે.

## [4] નિરીક્ષણના ફાયદાઓ અને મર્યાદાઓ

**ફાયદાઓ :** નિરીક્ષણ પદ્ધતિના ફાયદાઓ નીચે પ્રમાણે છે :

(1) બાળકો, મનોરોગીઓ અને સામાજિક રીતે વિચલિત વ્યક્તિઓનો અભ્યાસ નિરીક્ષણ પદ્ધતિથી જ કરી શકાય છે.

(2) સમાજલક્ષી મનોવિજ્ઞાનમાં સમૂહવર્તનો – ટોળું અને શ્રોતાગણનો, આંતરજૂથ સંઘર્ષોનો વગેરેનો અભ્યાસ નિરીક્ષણ પદ્ધતિથી જ થઈ શકે છે.

(3) જ્યાં પ્રયોગો શક્ય નથી ત્યાં ક્ષેત્ર નિરીક્ષણ પદ્ધતિથી કુદરતી પરિસ્થિતિમાં સામાજિક ઘટનાઓનો અને તેમની અસરોનો અભ્યાસ કરી શકાય છે.

(4) નિરીક્ષણનું ક્ષેત્ર વિશાળ છે અને નિરીક્ષણ ગમે ત્યારે કરી શકાય છે. એ તેનો મહત્ત્વનો ફાયદો છે.

**મર્યાદાઓ :** નિરીક્ષણ પદ્ધતિની બે મર્યાદા નીચે પ્રમાણે છે :

(1) સમાજલક્ષી મનોવિજ્ઞાનમાં સામાજિક પરિસ્થિતિનું નિરીક્ષણ કરવામાં આવતું હોવાથી કેટલીક જરૂરી વિગતો રહી જાય, તેમ બનવાનો સંભવ છે.

(2) નિરીક્ષકની અંગત માન્યતાઓ અને પૂર્વગ્રહોની અસર પણ નિરીક્ષણ પર પડે છે.

ઉપરોક્ત મર્યાદાઓ હોવા છતાં નિરીક્ષણ પદ્ધતિ સમાજલક્ષી મનોવિજ્ઞાનમાં મહત્ત્વનું સ્થાન ધરાવે છે. ટોળાકીય વર્તન, યુદ્ધ દરમિયાનનું વર્તન, સંસ્કૃતિ વગેરેના અભ્યાસ માટે નિરીક્ષણ પદ્ધતિ અનિવાર્ય પદ્ધતિ છે.

Scanned by CamScanner

## ☐ પ્રયોગ પદ્ધતિ ☐

☐ પ્રશ્ન 5. * પ્રયોગ પદ્ધતિ સવિસ્તર સમજાવો.
* સમાજલક્ષી મનોવિજ્ઞાનમાં પ્રયોજાતી પ્રયોગ પદ્ધતિની ચર્ચા કરો.

**જવાબના મુદ્દાઓ**

(1) પ્રયોગ એટલે શું? (2) પ્રયોગનું મૂળભૂત સ્વરૂપ (પ્રયોગમાં પરિવર્ત્યોનું સ્થાન) (3) પ્રયોગ પદ્ધતિની સફળતાની શરતો (4) પ્રાયોગિક જૂથ અને નિયંત્રિત જૂથ (5) પ્રયોગ પદ્ધતિના ફાયદાઓ (6) પ્રયોગ પદ્ધતિની મર્યાદાઓ

### [1] પ્રયોગ એટલે શું?

પ્રયોગ પદ્ધતિ એ પ્રત્યેક વિજ્ઞાનની સર્વશ્રેષ્ઠ પદ્ધતિ છે. સમાજલક્ષી મનોવિજ્ઞાનમાં પણ સામાજિક વર્તનોના વૈજ્ઞાનિક સ્પષ્ટીકરણ માટે પ્રયોગ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવે છે.

**પ્રયોગ એટલે નિયંત્રિત પરિસ્થિતિમાં કરવામાં આવેલું અવલોકન.** સમાજલક્ષી મનોવિજ્ઞાનમાં ઉપજાવેલી સામાજિક પરિસ્થિતિમાં કોઈ એક પરિબળ કે ઘટકની અસર વ્યક્તિના સામાજિક વર્તન પર કેવી રીતે થાય છે તેનો અભ્યાસ કરવામાં આવે છે. સમાજલક્ષી મનોવિજ્ઞાનની દૃષ્ટિએ પ્રયોગની વ્યાખ્યા નીચે પ્રમાણે આપી શકાય :

**"પ્રયોગ એટલે હેતુપૂર્વક સામાજિક પરિસ્થિતિને કૃત્રિમ રીતે ઉપજાવીને, તેના પર નિયંત્રણ મૂકી, કરવામાં આવેલું અવલોકન."**

### [2] પ્રયોગનું મૂળભૂત સ્વરૂપ (પ્રયોગમાં પરિવર્ત્યોનું સ્થાન)

પ્રયોગમાં (1) અમુક પરિવર્ત્યોની હાજરી સામાજિક વર્તન પર અસર પહોંચાડે છે તેમાં પદ્ધતિસર રીતે પરિવર્તન કરવામાં આવે છે તેમજ (2) આવા પરિવર્તનની અન્ય પરિવર્ત્ય પર અસર માપવામાં આવે છે. બીજા શબ્દોમાં કહીએ તો પ્રયોગમાં **સ્વતંત્ર પરિવર્ત્યની આધારિત પરિવર્ત્ય પર થતી અસર માપવામાં આવે છે.**

**પ્રાયોગિક પરિસ્થિતિમાં ઉપસ્થિત થતા ઘટકોને પરિવર્ત્યો કહે છે.** પરિવર્ત્યોના મુખ્ય ત્રણ પ્રકારો છે : **(1) સ્વતંત્ર પરિવર્ત્ય (2) આધારિત પરિવર્ત્ય** અને **(3) નિયંત્રિત પરિવર્ત્યો.** જે ઘટકમાં પ્રયોગકર્તા પોતાની ઇચ્છા મુજબ ફેરફારો કરે છે તેને **સ્વતંત્ર પરિવર્ત્ય** કહે છે. પ્રયોગમાં સ્વતંત્ર પરિવર્ત્યની અસર

Scanned by CamScanner

તપાસવામાં આવે છે. સ્વતંત્ર પરિવર્ત્યની અસરને લીધે વ્યક્તિ કે વ્યક્તિઓ પર જે અસર થાય છે એટલે કે સ્વતંત્ર પરિવર્ત્ય જેના પર અસર કરે છે તે ઘટક કે પરિવર્ત્ય જેના પર અસર કરે છે તે ઘટક કે પરિવર્ત્યને **આધારિત પરિવર્ત્ય** કહે છે. પ્રયોગ દરમિયાન પ્રયોગકર્તા જે કોઈ અન્ય પરિવર્ત્યોનું નિયંત્રણ કરે છે એ બધાં જ પરિવર્ત્યોને **નિયંત્રિત પરિવર્ત્યો** કહે છે.

પ્રયોગના અંતે જો સ્વતંત્ર પરિવર્ત્યની અસર જણાય તો પ્રયોગકર્તા એવા નિષ્કર્ષ પર આવે છે કે સ્વતંત્ર પરિવર્ત્યમાં કરવામાં આવેલા પરિવર્તનની આધારિત પરિવર્ત્ય પર એટલે કે પ્રયોગવિધેયોની પ્રતિક્રિયાઓ પર અસર થાય છે.

### [3] પ્રયોગ પદ્ધતિની સફળતાની શરતો

પ્રયોગ પદ્ધતિની સફળતાની મુખ્ય બે શરતો નીચે પ્રમાણે છે :

(1) પ્રાયોગિક પરિસ્થિતિમાં વિધેયોની ફાળવણી યદચ્છ રીતે થવી જોઈએ.

(2) સ્વતંત્ર પરિવર્ત્ય સિવાયના બધા જ ઘટકોને-પરિવર્ત્યોને સ્થિર રાખવા જોઈએ.

### [4] પ્રાયોગિક જૂથ અને નિયંત્રિત જૂથ (નિયંત્રિત જૂથં પરિસ્થિતિ)

સમાજલક્ષી મનોવિજ્ઞાનના ક્ષેત્રે મુખ્યત્વે નિયંત્રિત જૂથ પરિસ્થિતિનો ઉપયોગ કરવામાં આવે છે. આ પદ્ધતિમાં બે જૂથો પસંદ કરવામાં આવે છે. આ બંને જૂથો તેની સભ્યસંખ્યા, જાતિ, શિક્ષણ, બુદ્ધિ, અભિરુચિ, મનોવલણ વગેરે બાબતોની દષ્ટિએ સમાન હોય છે. આ બંને જૂથોમાંથી **એક જૂથને વિશિષ્ટ સામાજિક પરિસ્થિતિમાંથી પસાર કરવામાં આવે છે. આ જૂથને પ્રાયોગિક જૂથ કહેવામાં આવે છે, જ્યારે બીજા જૂથને વિશિષ્ટ સામાજિક પરિસ્થિતિમાંથી પસાર કરવામાં આવતું નથી. આ જૂથને નિયંત્રિત જૂથ કહેવામાં આવે છે.** પ્રયોગના અંતે આ બંને જૂથોમાં સામાજિક વર્તનની દષ્ટિએ જે ફેરફાર જણાય છે તે ફેરફાર વિશિષ્ટ સામાજિક પરિસ્થિતિને કારણે છે તેમ કહી શકાય. દા. ત., પ્રચારની ચોક્કસ રાજકીય પક્ષ પરત્વેના મનોવલણ પર શી અસર થાય છે તે અંગેના પ્રાયોગિક અભ્યાસમાં રાજકીય પક્ષ પરત્વે સમાન મનોવલણ ધરાવનાર બે જૂથ પસંદ કરવામાં આવે છે. તેમાંના એક જૂથને (પ્રાથમિક જૂથને) વિશિષ્ટ સામાજિક પરિસ્થિતિ (પ્રચાર) પૂરી પાડવામાં આવે છે. તે જૂથમાં તે પક્ષના નેતાને બોલાવીને રાજકીય પક્ષ અંગેનો પ્રચાર કરવામાં આવે છે. જ્યારે બીજા જૂથમાં (નિયંત્રિત જૂથમાં) કોઈપણ પ્રકારનો પ્રચાર કરવામાં આવતો નથી. અંતે, આ બંને જૂથના રાજકીય પક્ષ અંગેના મનોવલણમાં જો ફેરફાર થાય તો તે પ્રચારને કારણે જ છે તેમ કહી શકાય.

Scanned by CamScanner

જ્યારે બે સમાન જૂથો પ્રાપ્ત કરવાં મુશ્કેલ હોય ત્યારે એક જ જૂથને પસંદ કરવામાં આવે છે. આ જૂથના વર્તન કે મનોવલણનું પ્રથમ માપન કરવામાં આવે છે. ત્યાર પછી વિશિષ્ટ સામાજિક પરિસ્થિતિ પૂરી પાડવામાં આવે છે. ત્યાર પછી તે જૂથના વર્તન કે મનોવલણનું ફરીથી માપન કરવામાં આવે છે. આ બંને સમયના માપનમાં જે ફેરફાર થાય છે તે વિશિષ્ટ સામાજિક પરિસ્થિતિને કારણે જ છે તેમ કહી શકાય. દા. ત., જૂથના કુટુંબનિયોજન પરત્વેના મનોવલણ પર પ્રચારની શી અસર થાય છે તે અંગેના પ્રાયોગિક અભ્યાસમાં એક જૂથ પસંદ કરવામાં આવે છે. શરૂઆતમાં જૂથના સભ્યોનાં કુટુંબનિયોજન પરત્વેનાં મનોવલણોનું માપન કરવામાં આવે છે. ત્યાર પછી ચલચિત્રો, ભાષણો, પુસ્તિકાઓ વગેરે દ્વારા કુટુંબનિયોજનનો પ્રચાર કરવામાં આવે છે. પ્રચારને અંતે તે જૂથનાં કુટુંબ નિયોજન પરત્વેના મનોવલણનું માપન કરવામાં આવે છે. આ બંને સમયના માપનમાં મનોવલણોમાં જે ફેરફાર થાય છે તે ફેરફાર પ્રચારને કારણે છે તેમ કહી શકાય.

**પ્રાયોગિક અભ્યાસો :** સમાજલક્ષી મનોવિજ્ઞાનના ક્ષેત્રે વિવિધ પ્રકારના પ્રાયોગિક અભ્યાસો થયા છે. શેરિફ, કર્ટ લેવિન, ઓલપોર્ટ વગેરે મનોવૈજ્ઞાનિકોએ સમાજલક્ષી મનોવિજ્ઞાનના ક્ષેત્રે પ્રાયોગિક અભ્યાસો કર્યા છે.

## [5] પ્રયોગ પદ્ધતિના ફાયદાઓ

પ્રયોગ પદ્ધતિના ફાયદાઓ નીચે પ્રમાણે છે :

(1) પ્રયોગોમાં **પરિસ્થિતિનું નિયંત્રણ** કરી શકાય છે. તેને પરિણામે શુદ્ધ **કાર્યકારણના સંબંધો** સ્થાપી શકાય છે.

(2) પ્રયોગશાળામાં **પરિસ્થિતિનું પરિવર્તન** કરી શકાય છે. તેને પરિણામે **ચોક્કસ અને શુદ્ધ પરિણામો** પ્રાપ્ત થાય છે.

(3) પ્રયોગનાં **પરિણામોની ચકાસણી** થઈ શકે છે.

(4) પ્રયોગોમાં આંકડાશાસ્ત્રીય પદ્ધતિ દ્વારા **સંખ્યાત્મક-પ્રમાણાત્મક પરિણામો** લાવી શકાય છે.

## [6] પ્રયોગ પદ્ધતિની મર્યાદાઓ

પ્રયોગ પદ્ધતિની મર્યાદાઓ નીચે પ્રમાણે છે :

(1) વ્યક્તિના સામાજિક વર્તન પર અનેક સામાજિક તેમજ સાંસ્કૃતિક પરિબળો અસર કરે છે. આ બધાં જ પરિબળોનું પ્રયોગમાં નિયંત્રણ કરવું શક્ય નથી.

Scanned by CamScanner

(2) કેટલાક પ્રાયોગિક અભ્યાસો નૈતિક કારણોસર કરી શકાતા નથી. દા. ત., કોમી હુલ્લડો, જૂથ-જૂથ વચ્ચેના સંઘર્ષ, ટોળાનું આક્રમક વર્તન વગેરે અંગે પ્રાયોગિક અભ્યાસો થઈ શકે નહિ.

(3) પ્રયોગમાં કેટલીક સામાજિક પરિસ્થિતિઓને કૃત્રિમ રીતે ઉપજાવવામાં આવે તો તેને પરિણામે તેની સ્વાભાવિકતા રહેતી નથી અને તેથી વાસ્તવિક પરિણામો પ્રાપ્ત થતાં નથી.

## ☐ પ્રશ્નાવલિ પદ્ધતિ ☐

**☐ પ્રશ્ન 6. * પ્રશ્નાવલિ પદ્ધતિ સમજાવો.**

*** સમાજલક્ષી મનોવિજ્ઞાનમાં પ્રયોજાતી પ્રશ્નાવલિ પદ્ધતિની ચર્ચા કરો.**

**જવાબના મુદ્દાઓ**

(1) પ્રાસ્તાવિક (2) પ્રશ્નાવલિ પદ્ધતિનો અર્થ અને સ્વરૂપ (3) પ્રશ્નાવલિના ફાયદાઓ અને મર્યાદાઓ

### [1] પ્રાસ્તાવિક

સમાજલક્ષી મનોવિજ્ઞાનમાં સામાન્ય રીતે વ્યક્તિનાં મનોવલણો અને પૂર્વગ્રહો, વ્યક્તિત્વનાં લક્ષણો, લોકમત, વ્યક્તિની માન્યતાઓ અને અભિપ્રાયો તેમજ સામાજિક સમસ્યાઓનો અભ્યાસ કરવા માટે પ્રશ્નાવલિ પદ્ધતિનો વ્યાપકપણે ઉપયોગ થાય છે.

### [2] પ્રશ્નાવલિ પદ્ધતિનો અર્થ અને સ્વરૂપ

**પ્રશ્નાવલિનો અર્થ :**

**પ્રશ્નાવલિ એટલે કોઈ ઉદ્દેશ માટે ચોકસાઈપૂર્વક તૈયાર કરેલા પ્રશ્નો સમૂહ.** પ્રશ્નાવલિમાં ચોક્કસ સમસ્યા વિશે ચોકસાઈપૂર્વક તૈયાર કરેલા પ્રશ્નો લેખિત સ્વરૂપમાં વ્યક્તિઓ સમક્ષ રજૂ કરવામાં આવે છે અને તેના ઉત્તરો પણ લેખિત સ્વરૂપમાં જ આપવાના હોય છે.

**પ્રશ્નોનું સ્વરૂપ (પ્રશ્નોના પ્રકારો) :**

પ્રશ્નાવલિમાં પૂછવામાં આવતા પ્રશ્નો મુખ્યત્વે બે પ્રકારના હોય છે :

**(1) પસંદગીયુક્ત પ્રશ્નો :** આ પ્રકારના પ્રશ્નોના ઉત્તરોની પસંદગી કરવાની હોય છે. તેની મુખ્ય બે રીતો છે : (1) 'હા' કે 'ના' સ્વરૂપના પ્રશ્નોમાં વ્યક્તિએ માત્ર 'હા' કે 'ના'માં જ ઉત્તર આપવાના હોય છે. જેમકે તમે સંતતિનિયમનમાં



Scanned by CamScanner

માનો છો? 'હા' કે 'ના' (2) વિકલ્પયુક્ત પ્રશ્નોમાં ઉત્તર સ્વરૂપે આપેલા વિકલ્પોમાંથી કોઈ એક જ વિકલ્પની પસંદગી કરવાની હોય છે. જેમકે –

જ્ઞાતિપ્રથા – ચાલુ રાખવી જોઈએ.
– તેમાં ફેરફાર કરવા જોઈએ.
– તે દૂર થવી જોઈએ.

**(2) મુક્ત પ્રશ્નો :** આ પ્રશ્નોના વ્યક્તિએ પોતાની ઈચ્છા પ્રમાણે ઉત્તર આપવાના હોય છે. જેમકે સંતતિનિયમન અંગે તમે શું માનો છો? છૂટાછેડા અંગે તમે શું માનો છો?

પ્રશ્નાવલિમાં મુખ્યત્વે પસંદગીયુક્ત પ્રશ્નો જ પૂછવામાં આવે છે, કારણ કે આ પ્રશ્નોના ઉત્તરોનું સહેલાઈથી વર્ગીકરણ કરી શકાય છે તેમજ પરિણામોને આંકડાશાસ્ત્રીય રીતે રજૂ કરી શકાય છે.

**પ્રશ્નાવલિનું સ્વરૂપ :**

પ્રશ્નાવલિમાં મુખ્યત્વે નીચેની લાક્ષણિકતાઓ હોવી જોઈએ :

(1) પ્રશ્નો સમસ્યા ઉપર આધારિત હોવા જોઈએ.

(2) પ્રશ્નો ટૂંકા અને મુદ્દાસર હોવા જોઈએ.

(3) પ્રશ્નોની ભાષા સરળ અને સ્પષ્ટ હોવી જોઈએ.

(4) પ્રશ્નાવલિમાં બને તેટલા ઓછા પ્રશ્નોનો સમાવેશ કરવો જોઈએ.

(5) પ્રશ્નાવલિની સૂચના સરળ, સ્પષ્ટ અને સંજ્ઞારહિત હોવી જોઈએ.

**પ્રશ્નાવલિ પદ્ધતિનો ઈતિહાસ :** **ફ્રાન્સિસ ગાલ્ટને સૌપ્રથમ વ્યવસ્થિત પ્રશ્નાવલિ** તૈયાર કરી. ત્યાર પછી સ્ટેનલી હોલ, કાર્ટ્ઝ અને ઓલપોર્ટે પ્રશ્નાવલિ પદ્ધતિનો ઉપયોગ કર્યો. આધુનિક સમયમાં આ પદ્ધતિનો ખૂબ જ વ્યાપકપણે ઉપયોગ થાય છે.

**નમૂના(નિદર્શ)ની રીતનો ઉપયોગ :** આ પદ્ધતિ દ્વારા કોઈ સમસ્યા પરત્વે સમગ્ર સમુદાયનાં વલણો કે અભિપ્રાયો જાણવા હોય તો સમુદાયની બધી જ વ્યક્તિઓને પ્રશ્નાવલિ આપવી પડે, પરંતુ આ શક્ય નથી અને શક્ય હોય તોપણ સમય અને શક્તિની દૃષ્ટિએ ખર્ચાળ છે. તેથી મનોવૈજ્ઞાનિકો નમૂનાની પ્રયુક્તિનો ઉપયોગ કરે છે. સમગ્ર સમુદાયમાંથી પ્રતિનિધિરૂપ એવી કેટલીક વ્યક્તિઓને નમૂના તરીકે પસંદ કરવામાં આવે છે. આ નમૂનાની વ્યક્તિઓને પ્રશ્નાવલિ આપી, તેમની પાસેથી પ્રાપ્ત કરવામાં આવે છે. આ ઉત્તરોને આધારે જે નિરાકરણો તારવવામાં આવે તે નિરાકરણો સમગ્ર સમુદાયને લાગુ પાડવામાં આવે છે.

આમ, પ્રશ્નાવલિ પદ્ધતિમાં પ્રશ્નાવલિની રચના અને નમૂનાની પસંદગી એ બે બાબતો ખૂબ જ મહત્ત્વ ધરાવે છે.

Scanned by CamScanner

**આશ્ચર્યકારક પરિણામો :** પ્રશ્નાવલિ પદ્ધતિ દ્વારા ક્યારેક આશ્ચર્યકારક પરિણામો પણ પ્રાપ્ત થાય છે. કેન્ટ્રિલે તેના એક સંશોધનમાં અમેરિકાના ન્યૂયોર્ક રાજ્યના પ્રમુખની ચૂંટણી અંગે આગાહી કરવા માટે 40 લાખ મતદારોમાંથી માત્ર 290 મતદારોને નમૂના તરીકે પસંદ કર્યા. તેઓને પ્રશ્નાવલિ આપવામાં આવી. તેમના ઉત્તરોને આધારે ચૂંટણીમાં કોણ જીતશે તે અંગે આગાહી કરવામાં આવી અને આશ્ચર્યકારક રીતે આ આગાહી સાચી પડી હતી.

### [3] પ્રશ્નાવલિના ફાયદાઓ અને મર્યાદાઓ

**ફાયદાઓ :** પ્રશ્નાવલિ પદ્ધતિ દ્વારા એકસાથે અનેક વ્યક્તિઓનો અભ્યાસ થઈ શકે છે. આ દૃષ્ટિએ **આ પદ્ધતિ સમય અને શક્તિની દૃષ્ટિએ કરકસરયુક્ત પદ્ધતિ છે.**

**મર્યાદાઓ :** પ્રશ્નાવલિ પદ્ધતિની કેટલીક મર્યાદાઓ નીચે પ્રમાણે છે :

(1) કેટલીક વાર પ્રશ્નો સમજાય તેવા ન હોય તો પ્રશ્નોના ખોટા જવાબો પ્રાપ્ત થાય છે.

(2) કેટલીક વાર વ્યક્તિઓ પ્રશ્નોના સાચા ઉત્તરો આપવા ખાતર આપતા હોય છે.

(3) કેટલીક વ્યક્તિઓ પ્રશ્નોના સાચા ઉત્તરોને બદલે સારા ઉત્તરો આપે છે.

પ્રશ્નાવલિ પદ્ધતિની ઉપરોક્ત મર્યાદાઓ હોવા છતાં પણ આ પદ્ધતિનો આધુનિક સમયમાં સમાજલક્ષી મનોવિજ્ઞાનના ક્ષેત્રે વ્યાપકપણે ઉપયોગ થાય છે.

## ▪ મુલાકાત પદ્ધતિ □

**□ પ્રશ્ન 7. * મુલાકાત પદ્ધતિની ચર્ચા કરો.**

*** સમાજલક્ષી મનોવિજ્ઞાનમાં પ્રયોજાતી મુલાકાત પદ્ધતિ સમજાવો.**

**જવાબના મુદ્દાઓ**

(1) પ્રાસ્તાવિક (2) મુલાકાતનો અર્થ અને સ્વરૂપ (3) મુલાકાતના પ્રકારો (4) મુલાકાતની શરતો (5) મુલાકાતના ફાયદાઓ અને મર્યાદાઓ (6) પ્રશ્નાવલિ અને મુલાકાતની તુલના

### [1] પ્રાસ્તાવિક

સમાજલક્ષી મનોવિજ્ઞાનમાં પ્રશ્નાવલિ પદ્ધતિની જેમ વ્યક્તિનાં લક્ષણો, વ્યક્તિનાં મનોવલણો અને પૂર્વગ્રહો, સામાજિક સમસ્યાઓ વગેરેનો અભ્યાસ

Scanned by CamScanner

કરવા માટે મુલાકાત પદ્ધતિનો ઉપયોગ થાય છે. સામાજિક સર્વેક્ષણોમાં પણ મુલાકાત પદ્ધતિનો ઉપયોગ થાય છે. ખાસ કરીને શિક્ષણ સંસ્થાઓ, ઉદ્યોગો, સલાહકેન્દ્રો, ચિકિત્સાલયો વગેરે સ્થાનોએ જુદા જુદા હેતુ માટે મુલાકાત પદ્ધતિ વ્યાપકપણે પ્રયોજાય છે.

## [2] મુલાકાતનો અર્થ અને સ્વરૂપ

**મુલાકાતનો અર્થ :**

મેકોલી અને મેકોલી મુલાકાતને **'મોઢામોઢની શાબ્દિક આપલે'** (વાતચીત) તરીકે ઓળખાવે છે; જેમાં મુલાકત લેનાર વ્યક્તિ એક કે તેથી વધુ વ્યક્તિઓ પાસેથી તેમની માન્યતાઓ કે અભિપ્રાયો અંગે માહિતી મેળવવા પ્રયાસ કરે છે. **મુલાકાત એ પ્રત્યક્ષ વાતચીત દ્વારા માહિતી પ્રાપ્ત કરવાની પદ્ધતિ છે.**

**મુલાકાતનું સ્વરૂપ :**

મુલાકાતમાં મુલાકાત લેનાર વ્યક્તિઓ સમક્ષ મુલાકાતી બેસે છે અને તેને પ્રશ્નો પૂછે છે. મુલાકાત લેનાર વ્યક્તિ મુલાકાતી પાસેથી પ્રશ્નોના ઉત્તરો મેળવીને તેની નોંધ કરે છે; સાથે સાથે મુલાકાતીની અંગચેષ્ટાઓની નોંધ કરે છે. ત્યાર પછી આ નોંધને આધારે તારણો તારવવામાં આવે છે. મુલાકાત પદ્ધતિમાં નિષ્ણાત અને તાલીમ પામેલા મુલાકાત લેનારાઓની જરૂર છે.

મુલાકાત પદ્ધતિની સફળતા મુલાકાત લેનાર વ્યક્તિ અને મુલાકાતીના **સાયુજ્ય સંબંધ** પર રહેલી છે.

## [3] મુલાકાતના પ્રકારો

મુલાકાત લેવાની પદ્ધતિને આધારે મુલાકાતના બે પ્રકારો પાડવામાં આવે છે :

**(1) પ્રમાણિત મુલાકાત :** પ્રમાણિત મુલાકાતમાં મુલાકાત દરમિયાન હેતુ પ્રમાણે પૂછવાના પ્રશ્નો અગાઉથી નક્કી કરેલા હોય છે. મુલાકાત લેવાની રીત નિશ્ચિત હોય છે તેમજ પહેલેથી તૈયાર કરેલા ઉત્તરપત્રકમાં જ પ્રશ્નોના ઉત્તરોની નોંધ કરવાની હોય છે. પ્રમાણિત મુલાકાતને ઔપચારિક મુલાકાત પણ કહે છે. **આ મુલાકાતમાં મુલાકાત લેનાર વ્યક્તિનું સ્વાતંત્ર્ય ખૂબ જ ઓછું હોય છે.** વ્યાપક સામાજિક સંશોધનોમાં અને મતમોજણીમાં પ્રમાણિત મુલાકાતનો સવિશેષ ઉપયોગ થાય છે.

**(2) અપ્રમાણિત મુલાકાત :** અપ્રમાણિત મુલાકાતમાં મુલાકાત દરમિયાન પૂછવાના પ્રશ્નો અને મુલાકાતની રીત પહેલેથી પ્રમાણિત કરેલી હોતી નથી. મુલાકાત લેનાર હેતુને ધ્યાનમાં રાખીને મુલાકાતી પાસેથી માહિતી મેળવવા માટે

Scanned by CamScanner

પોતાને યોગ્ય લાગે તેવા પ્રશ્નો પૂછે છે અને પોતાને યોગ્ય લાગે એ રીતે ઉત્તરોની નોંધ કરે છે. અપ્રમાણિત મુલાકાતને અનૌપચારિક મુલાકાત પણ કહે છે. આ મુલાકાતમાં મુલાકાત લેનાર વ્યક્તિ વધુ પ્રમાણમાં સ્વાતંત્ર્ય ધરાવે છે. સલાહકેન્દ્રોમાં, ચિકિત્સાલયોમાં અને માનસિક સ્વાસ્થ્યનાં કેન્દ્રોમાં અપ્રમાણિત મુલાકાતનો સવિશેષ ઉપયોગ થાય છે. સામાજિક સમસ્યાઓનાં કારણો જાણવા માટે આ પ્રકારની મુલાકાતનો ઉપયોગ થાય છે.

સંશોધન દરમિયાન સમસ્યાના સ્વરૂપને ધ્યાનમાં રાખીને આ બંનેમાંથી કઈ મુલાકાત પદ્ધતિનો ઉપયોગ કરવો તે નક્કી કરાય છે.

## [4] મુલાકાતની શરતો

સંશોધનોએ દર્શાવ્યું છે કે મુલાકાતની સફળતા નીચેની બાબતો પર આધાર રાખે છે :

(1) મુલાકાત લેનારમાં વાત કરવાની ચાતુરી હોવી જોઈએ.

(2) મુલાકાત કેવી રીતે લેવી તે અંગેની તાલીમ મુલાકાત લેનારે પ્રાપ્ત કરેલી હોવી જોઈએ.

(3) મુલાકાત લેનારે 'પોતે નિષ્ણાત છે' એવો પ્રભાવ ન પડે તેની ખાસ સાવચેતી રાખવી જોઈએ.

(4) મુલાકાત લેનારે મુલાકાતી જે કાંઈ જવાબ આપે તેમાં પોતે ખરેખર અભિરુચિ ધરાવે છે તેવો દેખાવ કરવો જોઈએ.

(5) મુલાકાત લેનારે મુલાકાત દરમિયાન પોતાના વિચારો, મનોવલણો, સ્વીકૃતિ તેમજ અસ્વીકૃતિ જણાવવી જોઈએ નહિ.

## [5] મુલાકાતના ફાયદાઓ અને મર્યાદાઓ

**ફાયદાઓ :** મુલાકાત પદ્ધતિના ફાયદાઓ નીચે પ્રમાણે છે :

(1) મુલાકાત પદ્ધતિમાં મુલાકાત લેનાર અધિકારી મુલાકાતી સાથે સાયુજ્યનો સંબંધ સ્થાપિત કરે છે. તેથી તે મુલાકાતી પાસેથી તેના અંગત વિચારો, લાગણીઓ, સ્વભાવ અને વ્યક્તિત્વનાં લક્ષણો અંગે માહિતી પ્રાપ્ત કરી શકે છે.

(2) મુલાકાતમાં મુલાકાત લેનાર વધારે ઝીણવટભરી અને ઊંડાણપૂર્વકની માહિતી પ્રાપ્ત કરી શકે છે.

(3) મુલાકાતમાં મુલાકાત લેનાર પ્રશ્નોના ઉત્તરોની યથાર્થતા ચકાસી શકે છે.

(4) સામાજિક સમસ્યાઓનાં કારણો જાણવા માટે મુલાકાત પદ્ધતિ વધુ ઉપયોગી છે.

Scanned by CamScanner

મર્યાદાઓ : મુલાકાત પદ્ધતિની મર્યાદાઓ નીચે પ્રમાણે છે :

(1) મુલાકાત પદ્ધતિ એ **વ્યક્તિગત પદ્ધતિ** છે. તેથી પ્રશ્નાવલિ પદ્ધતિની સરખામણીમાં **મુલાકાત પદ્ધતિ સમય, શક્તિ અને નાણાંની દૃષ્ટિએ વધુ ખર્ચાળ પદ્ધતિ છે.**

(2) મુલાકાત દરમિયાન મુલાકાત લેનાર વ્યક્તિના અંગત વિચારો, માન્યતાઓ અને પૂર્વગ્રહોની અસર મુલાકાતની માહિતી પર પડે છે. તેથી **મુલાકાતની માહિતી કેટલીકવાર વ્યક્તિલક્ષી બની જવાનો સંભવ છે.**

### [6] પ્રશ્નાવલિ અને મુલાકાતની તુલના

પ્રશ્નાવલિ પદ્ધતિ અને મુલાકાત પદ્ધતિ એ બંને વૈજ્ઞાનિક પદ્ધતિઓ છે. સમાજલક્ષી મનોવિજ્ઞાનના ક્ષેત્રે અન્ય વ્યક્તિઓના અભિપ્રાયો, માન્યતાઓ, મનોવલણો, પૂર્વગ્રહો વગેરે જાણવા માટે તેમજ સામાજિક સમસ્યાઓના અભ્યાસ માટે પ્રશ્નાવલિ અને મુલાકાત બંને પદ્ધતિઓનો ઉપયોગ કરવામાં આવે છે. જોકે બંને પદ્ધતિઓની તુલના નીચે પ્રમાણે કરી શકાય :

(1) પ્રશ્નાવલિ એ **લેખિત પદ્ધતિ** છે; જ્યારે મુલાકાત એ **મૌખિક પદ્ધતિ** છે.

(2) પ્રશ્નાવલિ એ **જૂથ પદ્ધતિ** છે; જ્યારે મુલાકાત એ **વ્યક્તિગત પદ્ધતિ** છે.

(3) પ્રશ્નાવલિ એ **કરકસરયુક્ત પદ્ધતિ** છે; જ્યારે મુલાકાત એ **ખર્ચાળ** પદ્ધતિ છે.

(4) પ્રશ્નાવલિ પદ્ધતિમાં **પ્રશ્નાવલિની રચના એ મહત્ત્વની બાબત છે;** જ્યારે મુલાકાત પદ્ધતિમાં **મુલાકાત લેનાર અધિકારીનું કૌશલ્ય અને સાયુજ્ય સંબંધ** એ બે મહત્ત્વની બાબતો છે.

## □ સમાજમિતિ પદ્ધતિ □

□ **પ્રશ્ન 8.** * **સમાજમિતિ પદ્ધતિની ચર્ચા કરો.**

* **સમાજલક્ષી મનોવિજ્ઞાનમાં પ્રયોજાતી સમાજમિતિ પદ્ધતિ સમજાવો.**

**જવાબના મુદ્દાઓ**

(1) પ્રાસ્તાવિક (2) સમાજમિતિની વ્યાખ્યા (3) સમાજમિતિની પ્રવિધિ (4) સમાજમિતિના ફાયદાઓ (5) સમાજમિતિની મર્યાદાઓ

### [1] પ્રાસ્તાવિક

સમાજમિતિ પદ્ધતિ (Sociometric Method) સમાજલક્ષી મનોવિજ્ઞાનની

Scanned by CamScanner

એક મહત્ત્વની પદ્ધતિ છે. તે જૂથમાંથી અમુક વ્યક્તિનું નામ પસંદ કરવાની પ્રયુક્તિ છે. આ પ્રકારની પ્રયુક્તિમાં જૂથની દરેક વ્યક્તિ બીજી વ્યક્તિની દૃષ્ટિએ વિશિષ્ટ કસોટી અથવા શ્રેણીમાં કેટલે અંશે બંધબેસતી આવે છે તે નક્કી કરવાનું હોય છે. મૉરેનો નામના સંશોધકે આ પદ્ધતિ આપી છે. સમાજમિતિ પદ્ધતિમાં જૂથમાં વ્યક્તિઓ એકબીજાનો સ્વીકાર, અસ્વીકાર કરે છે; તેને આધારે જૂથની રચના, સામાજિક દરજ્જો અને જૂથના સભ્યોના પારસ્પારિક સંબંધો વગેરેનો અભ્યાસ કરવામાં આવે છે.

### [2] સમાજમિતિની વ્યાખ્યા

સમાજમિતિની કેટલીક મહત્ત્વની વ્યાખ્યાઓ નીચે પ્રમાણે છે :

(1) "સમાજમિતિ એ જૂથના સભ્યો વચ્ચેના આંતરસંબંધો એટલે કે જૂથની સામાજિકિ સંરચનાનો અભ્યાસ છે કે જેમાં દરેક વ્યક્તિનું જૂથમાં કઈ રીતે પ્રત્યક્ષીકરણ થાય છે તે શોધી કાઢવામાં આવે છે."

— સ્ટેનલે અને હોપકિન્સ

(2) "સમાજમિતિ એ સામાજિક પસંદગીનો અભ્યાસ તેમજ માપન છે. તેમાં જૂથના સભ્યો વચ્ચેના આકર્ષણ કે અપાકર્ષણનો અભ્યાસ કરવામાં આવે છે."

— કર્લિન્જર

### [3] સમાજમિતિની પ્રવિધિ

સમાજમિતિ દ્વારા જૂથની સંરચનાનો અભ્યાસ કરવા માટે જૂથની દરેક વ્યક્તિને ખાસ કસોટી પર બીજી વ્યક્તિ પ્રત્યેની પોતાની સ્વીકૃતિ દર્શાવવાનું કહેવામાં આવે છે. તેમાં એક વ્યક્તિ જૂથમાંથી બે કે તેથી વધુ વ્યક્તિઓની પસંદગી કરી શકે છે. દા. ત., અમુક વર્ગના વિદ્યાર્થીઓને કાગળના ટુકડામાં જે વિદ્યાર્થી સાથે રમવાનું કે જમવાનું પસંદ હોય તેનું નામ લખવાનું કહેવામાં આવે છે. એવી જ રીતે કર્મચારીઓના એક જૂથની દરેક વ્યક્તિને પૂછવામાં આવે છે કે જૂથમાંથી ત્રણ સૌથી પ્રતિષ્ઠિત લાગતી વ્યક્તિઓનાં નામ કાગળના ટુકડા પર લખવાનું કહેવામાં આવે છે. આવી પસંદગીઓને આધારે સંશોધક જૂથ વિષેની ખાસ માહિતી મેળવે છે. આ રીતે મેળવેલા આંકડાઓનું વિશ્લેષણ કરીને સંશોધક જૂથની સંરચના અને પારસ્પારિક સંબંધો વિષે માહિતી મેળવે છે કે નિષ્કર્ષ ફલિત કરે છે.

સમાજમિતિ દ્વારા પ્રાપ્ત થયેલા આંકડાઓનું વિશ્લેષણ કરવાની ત્રણ પ્રયુક્તિઓ છે :

Scanned by CamScanner

(1) સમાજમિતિ મેટ્રિક્સ

(2) સમાજ આલેખ

(3) સમાજમિતિ સૂચકાંક

**(1) સમાજમિતિ મેટ્રિક્સ :** મેટ્રિક્સ એ સંખ્યાઓ કે વસ્તુઓનું ચતુષ્કોણીય દર્શન છે. મેટ્રિક્સની કુલ સંખ્યા n x n હોય છે. n = સ્તંભ અને n = હાર. ધારો કે અમુક મેટ્રિક્સમાં 10 સ્તંભ અને 10 હાર હોય તો 10 × 10 = 100 પસંદગીઓ થશે. પ્રત્યેક મેટ્રિક્સમાં સ્તંભ અને હારની સંખ્યા સમાન હોય છે.

જૂથમાં દરેક વિદ્યાર્થી પોતાની પસંદગી વ્યક્ત કરે છે. "તમે બીજા કયા વિદ્યાર્થી સાથે રમવાનું પસંદ કરશો ?" વિદ્યાર્થી અમુક વિદ્યાર્થી પર પસંદગી ઉતારે તો તેની સામે 1 દર્શાવવામાં આવે છે. જો તે કોઈપણ વિદ્યાર્થી પ્રત્યે પસંદગી ન દર્શાવે તો તેની સામે 0 લખવામાં આવે છે.

કોઈપણ સમાજમિતિનું વિશ્લેષણ કરીએ તો સામાન્ય રીતે ત્રણ પ્રકારની પસંદગી જોવા મળે છે : (1) એકમાર્ગી પસંદગી (2) પારસ્પારિક પસંદગી અને (3) કોઈપણ પ્રકારની પસંદગી નહિ. એકમાર્ગી પસંદગીમાં એક વ્યક્તિ બીજી વ્યક્તિને પસંદ કરે છે, પરંતુ બીજી વ્યક્તિ પ્રથમ વ્યક્તિને પસંદ કરતી નથી. A Bને પસંદ કરે છે, પરંતુ B Aને પસંદ કરતો નથી. પારસ્પારિક પસંદગીમાં બંને વ્યક્તિઓ પરસ્પર એકબીજાની પસંદગી કરે છે. દા. ત., C Dને પસંદ કરે છે અને D Cને પસંદ કરે તો તેને પારસ્પારિક પસંદગી કહેવામાં આવી છે એવી જ રીતે જૂથમાં એવો એક વિદ્યાર્થી છે કે જેને કોઈ પસંદ કરતું નથી અથવા તે કોઈને પસંદ કરતો નથી. તે બાબત 'કોઈપણ પસંદગી નહિ'નું ઉદાહરણ છે.

**(2) સમાજ આલેખ :** સમાજ આલેખ સમાજમિતિની બીજી પ્રયુક્તિ છે. તેમાં સમાજમિતીય આંકડાઓનું વિશ્લેષણ કરીને જૂથના સભ્યોની પસંદગીઓને આલેખ દ્વારા દર્શાવવામાં આવે છે. આવા ચિત્ર કે આલેખ એવી રીતે દોરવામાં આવે છે કે તેના છેડા પર એક તીર દોરવામાં આવે છે. દા. ત., વિદ્યાર્થી A Bને પસંદ કરે છે, પરંતુ B Aને પસંદ કરતો નથી. તેથી ચિત્રમાં $A \rightarrow B$ એમ દર્શાવવામાં આવે છે. પારસ્પારિક યુગ્મ પસંદગીમાં બંને છેડા પર તીર દોરવામાં આવે છે. દા. ત., C Fને પસંદ કરે છે અને F Cને પસંદ કરે છે. તે બાબત $C \leftrightarrow F$ એ રીતે દર્શાવવામાં આવે છે.

**(3) સમાજમિતિ સૂચકાંક :** સમાજમિતિના કેટલાક સૂચકાંકને આધારે જૂથના સભ્યો વચ્ચેના આંતરવૈયક્તિક સંબંધોનો અંદાજ આવી શકે છે. આવા સૂચકાંક

Scanned by CamScanner

મેળવવા માટે જુદાં જુદાં સૂત્રોનો ઉપયોગ કરવામાં આવે છે. સામાન્ય રીતે સૂચકાંકો દ્વારા વ્યક્તિની પસંદગીનું સ્તર, જૂથ સંસક્તિનું પ્રમાણ વગેરેનો ખ્યાલ આવે છે. જૂથ સંસક્તિનું પ્રમાણ જેટલું વધારે હોય તેટલું પસંદગીનું સ્તર ઊંચું હોય છે.

## [4] સમાજમિતિના ફાયદાઓ

સમાજમિતિના મુખ્ય ફાયદાઓ નીચે પ્રમાણે છે :

(1) સમાજમિતિ પદ્ધતિ એ જૂથની સંરચના, જૂથના સભ્યોના પારસ્પારિક સંબંધો વગેરેનો અભ્યાસ કરવાની એક સરળ, કરકસરયુક્ત અને સ્વાભાવિક પદ્ધતિ છે.

(2) સમાજમિતિ પદ્ધતિમાં લચકતા કે સ્થિતિસ્થાપકતા રહેલી છે, તેથી તેનો ઉપયોગ જુદી પરિસ્થિતિમાં સહેલાઈથી થઈ શકે છે.

(3) **સમાજમિતિ પદ્ધતિ જૂથના સભ્યો વચ્ચે આકર્ષણ, અપાકર્ષણ, પસંદગી, નાપસંદગી વગેરેનો અભ્યાસ કરવાની એક અદ્વિતીય પદ્ધતિ છે.**

(4) જૂથ સંરચના અને જૂથના સભ્યોના પારસ્પારિક સંબંધોના અભ્યાસમાં સમાજમિતિ જેટલી વિશ્વસનીય અને યથાર્થ પ્રયોગ પદ્ધતિ અને સર્વેક્ષણ પદ્ધતિ પણ નથી.

## [5] સમાજમિતિની મર્યાદાઓ

સમાજમિતિની મુખ્ય મર્યાદાઓ નીચે પ્રમાણે છે :

(1) **સમાજમિતિ દ્વારા સંશોધન કરવા માટે જૂથના સભ્યોની સંખ્યા 20 થી ઓછી હોવી જોઈએ. તેનાથી વધુ સંખ્યા હોય ત્યારે આ પદ્ધતિ ઉપયોગી થઈ શકતી નથી.**

(2) સમાજમિતિ પદ્ધતિ દ્વારા પ્રાપ્ત થતાં પરિણામોમાં સંશોધકો વચ્ચે સહમતિ હોતી નથી. એક જ જૂથ પર જુદા જુદા સંશોધકો આ પદ્ધતિનો ઉપયોગ કરીને જે પરિણામો મેળવે છે તેમાં સહમતિ જોવા મળતી નથી.

(3) સમાજમિતિ દ્વારા જૂથના સભ્યો વચ્ચેના પારસ્પારિક સંબંધો અને સામાજિક સંરચના વિષેનો અભ્યાસ ઉપરછલ્લી રીતે થાય છે, ગહન રીતે થઈ શકતો નથી. જૂથમાં વ્યક્તિઓ તેમની પસંદગી ખુલ્લા મનથી કરી શકતા નથી.

આ બધી મર્યાદાઓ હોવા છતાં પણ સમાજમિતિ પદ્ધતિ સમાજલક્ષી મનોવિજ્ઞાનની એક ઉપયોગી પદ્ધતિ છે.

Scanned by CamScanner

## ટૂંકનોંધો

□ નીચેના વિશે ટૂંકનોંધ લખો :

(1) સમાજલક્ષી મનોવિજ્ઞાનનું સ્વરૂપ :

જુઓ પ્રશ્ન નં. 2ના ઉત્તરનો બીજો મુદ્દો

(2) પ્રશ્નાવલિ પદ્ધતિ :

જુઓ પ્રશ્ન નં. 6નો ઉત્તર

(3) મુલાકાત પદ્ધતિ :

જુઓ પ્રશ્ન નં. 7નો ઉત્તર

(4) સમાજમિતિ પદ્ધતિ :

જુઓ પ્રશ્ન નં. 8નો ઉત્તર

Scanned by CamScanner